## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



પ્રભુ, સાવચેત રહેજો... ભૂલોકમાં આજકાલ આપની ટીકા અને રાજકારણીઓની પ્રસંશા થાય છે...!!

# શહેરમાં નવા રોપાઓની વાવણી શરૂ કરાશે

### વનતંત્રની નર્સરીઓમાં સેંકડો રોપાઓ તૈયાર : આગામી દિવસામાં નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર સજ્જ : વરસાદની વાટે રહેલા તંત્રએ પ્રારંભિક તબક્કે શહેરમાં કેટલાક ઠેકાણે રોપાઓની વાવણી કરી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદી દેવાયા છે. જયારે પ્રારંભિક વરસાદના અંતે કેટલાક ઠેકાણે રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. આમછતા હજુ નવા રોપાઆની વાવણી માટે ફેવરેબલ વરસાદની વાટ જોવાઈ રહી છે. વનતંત્રની નર્સરીમાં સેંકડો રોપાઓ પણ તૈયાર છે. જયારે અનુરૂપ વરસાદના અંતે રોપાઓની વાવણી માટે કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરમાં દરવર્ષે નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વરસાદી ઝાપટના અંતે વનતંત્ર દ્વારા કેટલાક ઠેકાણે રોપાઓની વાવણી કરવામાં આવી છે. પરંતુ હજુ શહેર અને જિલ્લામાં પુર્ણરૂપે વાવણી થઈ શકી નથી. નવા રોપાઓની વાવણી માટે નગરની નર્સરીઓ સજ્જ છે. સેંકડો રોપાઓ પણ તૈયાર છે. બસ હવે માત્ર સારા વરસાદની વાટ જોવાય છે. ગાંધીનગરમાં પણ દરવર્ષે ખાલી જગ્યાનો સર્વે કરી વનતંત્ર દ્વારા નવા રોપાઆની વાવણી કરવામાં આવે છે. જયારે શહેરમાં આ અન્વયે જરૂરી ઠેકાણે ખાડાઓ પણ ખોદી દેવાયા છે. શહેર અને જિલ્લાની નર્સરીઓમાં રોપાઓ પણ તૈયાર રાખવામાં આવ્યા છે. શહેરમાં અત્યાર સુધી કેટલાક ઠેકાણે રોપાઓની વાવણી કરીવામાં આવી છે. પરંતુ હજુ રોપાઓની વાવણી માટે ફેવરેબલ વરસાદની વાટ જોવાઈ રહી છે.



વાવણી માટે વનતંત્રની નર્સરી તેમજ વન વિભાગ સજ્જ છે. આ વર્ષે રથયાત્રા દરમિયાન પણ રોપાઓનુ વિતરણ કરાયુ નથી. ત્યારે શાળા કોલેજો પણ બંધ છે. ત્યારે શાળાઓમાં વૃક્ષારોપણની કામગીરી પણ અટવાઈ છે. આવા સંજોગોમાં આગામી દિવસોમાં વન મહોત્સવની ઉજવણી પણ કોરાનાના કહેર વચ્ચે કરવામાં આવશે જયારે કોરોના કાળમાં સાશિયલ ડીસ્ટન્સીંગના નિયમોના પાલન સાથે પ્લાન્ટેશન કરાશે. જયારે સરકારના વિવિધ વિભાગોને પણ નવા રોપાઓની વાવણી માટે ટાર્ગેટ અપાશે. આ ઉપરાંત એસ ટી ડેપો, સિવિલ કેમ્પસ, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સહીતના ઠેકાણે વૃક્ષારોપણ કરાશે. સેકટરોમાં યુવાનોએ વરસાદના આગમન સાથે નવા રોપાઓની વાવણી શરૂ કરી દીધી છે. જયારે વનતંત્ર પણ નવા રોપાઆને અનુરૂપ વરસાદના અંતે વાવણીનુ કામ પુરજોશમાં શરૂ કરી દેશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ૭૦મી બોર્ડ બેઠક આજે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મળી હતી. સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી અને આ બેઠક મનપા ખાતે યોજાઈ હતી. ગુડા પાસે મિટીંગ હોલ નાનો હોવાથી ગુડાની કચેરી બહાર આ પહેલીવાર બેઠક મળી હોવાનું જાણવા મળેલ છે.
- જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારની બદલી માણસા હોસ્પિટલ ખાતે ત્રણ માસ માટે કરવામાં આવી છે.
- રાજયના મહિલા બાળ વિકાસ વિભાગના નિયામકશ્રી દ્વારા આજે જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં વરસાદની ખેડૂતો અને લોકો રાહ જોઈ રહ્યા છે.
- તાજેતરમાં મળેલ ખાતાકીય પસંદગી સમિતિની બેઠક બાદ જિલ્લાના ૮ તલાટીને સર્કલ ઓફિસર તરીકે બઢતી આપવાના હુકમો કરવામાં આવ્યા છે.
- રાજયના આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાના કેસો અંગેની વિગતો આપતી પ્રેસનોટના ફોર્મેટમાં વધુ એકવાર ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં મનપા ગાંધીનગર અને ગ્રામ્ય વિસ્તારના કેસો અલગ અલગ દર્શાવવામાં આવી રહ્યા છે.

### દત્ત મંદિરના પાટોત્સવ નિમિત્તે ભકતો દ્વારા ઘરેથી જ અનુષ્ઠાન કરાયા

નગર સ્થિત દત્ત મંદિર સે-૨૮ના ૩૫મા પાટોત્સવની ઉજવણી પરિવારના ભકતો દ્વારા સરકારના આદેશનું પાલન કરી પોતાના ઘરેથી જ અનુષ્ઠાન કરી મહાદત્ત અભિષેક કરવામાં આવ્યો હતો તથા આ દિવસે પરિવારના તમામ સભ્યો દ્વારા વર્તમાન વૈશ્વિક મહામારીમાંથી બહાર નીકળી આનંદમય વાતાવરણ થકી માનવજીવન ફરી ધબકતું થાય તેવી પ્રાર્થના પૂ. બાપજીના ચરણોમાં દંડવત પ્રણામ સહ કરવામાં આવી હતી.



### સેકટર-૫માં કોરોના વોરિયર મહિલા નર્સનું ઉમળકાભેર સ્વાગત

હજુ પણ કોરોના કોવિડ-૧૯ સામે કોરોના વોરિયર્સ ભરપૂર લડત આપી રહ્યા છે. એક સમય હતો જયારે કોરોના વોરિયર્સથી નાગરિકો પોતાને સંક્રમણ લાગી જવાનો ભય અનુભવતા હતા પરંતુ હવે નાગરિકોમાં આ બાબતે જાગૃતિમાં વધારો થયો છે અને હવે કરોના વોરિયર્સને માન-સન્માન પણ મળી રહ્યું છે. શહેરના સેકટર-૫માં રહેતા અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે નર્સ તરીકે ફરજ બજાવતા ચંદ્રિકાબેન શૈલેષભાઈ પટેલ જેઓ તેમની ફરજ પરથી ઘરે પરત ફર્યા ત્યારે અડોશી પડોશીઓએ તેમનું પુષ્પવર્ષા કરી સ્વાગત-સન્માન કર્યું હતું જયારે ઘરના સભ્યોએ પણ તેમનું અભિવાદન કર્યું જેમાં પુત્રવધુએ તેમની આરતી ઉતારી સ્વાગત કર્યું હતું.

## કૂતરાં-બિલાડી જેવા પ્રાણીઓના રેસ્ક્યુ કાર્ય માટે ગાંધીનગરમાં સેવા આપતા જીવદયાપ્રેમીઓ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં અબોલ પ્રાણીઓ જેવા કે કૂતરાં, બિલાડાં તથા પક્ષીઓ વગેરે માટે આકસ્મિક ઘટનામાં સારવાર આપતી, રેસ્ક્યુ કાર્ય કરતી તથા નિયમિત તેમને ખોરાક પુરો પાડતી સેવા કાર્યરત છે. અમદાવાદના કરૂણા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત ગાંધીનગરમાં પણ ચાલી રહેલ આ સેવામાં અત્યારે ૧૨ સ્વયંસેવકો કાર્યરત છે જેઓ આ મૂંગા પ્રાણીઓના બચાવકાર્ય માટે દોડવા તત્પર હોય છે જેથી શહેરમાં પોતાની આસપાસ કોઈ ઘાયલ કે બિમાર કૂતરાં કે બિલાડી અથવા કોઈ પક્ષી જોવા મળે તો નાગરિકો તેમનો સંપર્ક કરી શકે છે.

અમદાવાદના વાસણા વિસ્તારમાં ૧૮ વર્ષથી ઝંખના શાહ નામની યુવતી અબોલ પ્રાણીઓની સેવા માટે જાણીતી છે જેમની સંસ્થા કરૂણા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત ઝલક શાહ નામની યુવતી પણ હવે આ સેવા માટે નોંધપાત્ર યોગદાન આપી રહી છે. ઝલક શાહના માર્ગદર્શન સાથે છેલ્લાં કેટલાક સમયથી ગાંધીનગરના સેકટર-૫ માં રહેતી પૂજા સિંઘ નામની યુવતીએ કરૂણા ચેરિટેબલ ટ્રસ્ટમાં જોડાઈને આ સેવા પ્રવૃત્તિ આરંભી છે અને હવે પાટનગરમાં તેમની સાથે મળીને કુલ ૧૨ યુવાનો આ સેવા આપી રહ્યાં છે. આ સેવા સાથે



સંકળાયેલા સ્વયંસેવકો અબોલ જીવોને દૂધ, ભાત, રોટલી, છાશ, બિસ્કીટ, પેડિગ્રી જેવો ખોરાક પુરો પાડવાની સેવા પણ નિયમિત કરી રહ્યાં છે. તે સાથે સાથે કોઈ બિમાર કે અકસ્માત તથા અન્ય કારણોસર ઘાયલ કે ઈજાગ્રસ્ત થયેલ કૂતરાં કે બિલાડીને તુરંત સ્થળ પર જઈને સારવાર અપાવવાનુ કાર્ય કરે છે.

### રેસ્ક્યુ કોલ માટે કેવી રીતે સંપર્ક કરવો ?

કરૂણા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત ગાંધીનગરમાં કાર્યરત સ્વયંસેવકોમાં સંકળાયેલા અશ્વિન પટેલ નામના યુવાને જણાવ્યું હતુ કે ''ગાંધીનગરમાં કોઈ પણ વિસ્તારમાંથી નાગરિકો જો કૂતરા કે બિલાડીના બિમાર કે ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી આપશે તો અમે તેને રેક્સ્યુ કરી સારવાર અપાવવાનુ કાર્ય કરીશુ. આ સાથે જો કોઈ દાતા અબોલ જીવોને નિયમિત ખોરાક પુરા પાડવાની સેવામાં યોગદાન આપવા ઈચ્છે તો તે પણ અમારો સંપર્ક કરી શકશે. અમારો મો. નં. ૯૯૨૪૪-૬૪૫૫૩ સંપર્ક સાધી શકાશે તેની નોંધ લેવી.''

## ગુજરાત યુનિવર્સિટી ખાતે NSUIએ હોબાળો મચાવ્યો

### બીજી જુલાઈથી શરૂ થઈ રહેલી મેડિકલ અને ડેન્ટલની પરીક્ષા રદ કરવાની માગ સાથે દેખાવો યોજવામાં આવ્યો

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદમાં ફરી એકવાર ઉચ્ચ શિક્ષણ શાખાની પરીક્ષા રદ કરવા માટે વિદ્યાર્થી સંગઠન NSUI દ્વારા ૨ જુલાઈથી શરૂ થઈ રહેલી મેડિકલ અને ડેન્ટલની પરીક્ષા રદ કરવાની માંગ સાથે હોબાળો મચાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ GTU ની ૨૫ જૂનથી શરૂ થવાની હતી પરીક્ષા, જે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી મોકૂફ રખાઈ હતી.

એનએસયુઆઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે કોરોનાનું સંકટ ઘટે ત્યારબાદ પરીક્ષા યોજવામાં આવે. NSUI દ્વારા નવરંગપુરા ખાતે સમર્પણ ફ્લેટ ખાતે GTUના કુલપતિ નવીન શેઠના ઘરે વિરોધ પ્રદર્શન કરવા પહોંચ્યા હતા. જો કે, તમામ કાર્યકર્તાઓની ગુજરાત યુનિવર્સિટી પોલીસે અટકાયત કરી લીધી હતી.

અત્રે નોંધનીય છે કે, DGP શિવાનંદ ઝા પણ સમર્પણ ફ્લેટસમાં રહે છે. NSUI ના વિરોધના પગલે સમર્પણ ટાવરના મુખ્ય દરવાજા પાસે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. NSUIની દ્વારા GTU જુલાઈ મહિનામાં જે પરીક્ષા લેવા માંગે છે તેને રદ કરે તેવી માગ કરાઈ રહી છે.

## ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા ઓનલાઈન ભરતી મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચુઅલ એટલે કે ઓનલાઈન ભરતીમેળા યોજવા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

રાજયની રોજગાર કચેરીઓ દ્વારા રોજગારવાન્છું ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો પૂરી પાડવા માટે સમયાંતરે રોજગાર ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે પરંતુ તાજેતરમાં નોવેલ કોરોના વાયરસના સંક્રમણના કારણે રોજગારવાન્છું યુવાનો તથા નોકરીદાતાઓને એક જગ્યા પર એકત્રિત કરી સામાન્ય ભરતીમેળા યોજવા યોગ્ય જણાતું નથી. આથી ગાંધીનગર જીલ્લાના ઔધોગિક ઉત્પાદનલક્ષી એકમો, સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા એકમો,લેબર તથા મેનપાવર કોન્ટ્રાકટર , ખાનગી પ્લેસમેન્ટ/રીક્રુટમેન્ટ એજન્સીઓએ પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ સી.એન.વી ફોર્મ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર ને ઈ-મેઈલના માધ્યમથી આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે. ઔધોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર dee-gnr@gujarat.gov.in ઉપર મોકલી આપવાના રહેશે.

તેમજ આવનાર સમયમાં ઉમેદવારોના રજીસ્ટ્રેશન માટેની https://froms.gle/FsmBYv5tDAUprvnu7 લિંક બનાવવામાં આવી છે, જેમાં રોજગારવાન્છું યુવાઓનેમોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરીઓનલાઈન રોજગાર ભરતી મેળાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ઉપરોક્ત યોજાનાર ઓનલાઈનરોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ નોકરી દાતાઓ અને રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે, અત્રે નોંધ લેશો કે ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈપણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ.

## દહેગામ-માણસાના સરપંચ અને તલાટીઓ સાથે ડીડીઓની વિડિયો કોન્ફરન્સથી બેઠક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા અને દહેગામ તાલુકામાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે ગ્રામજનો ઘરની



બહાર નીકળે ત્યારે ફરજિયાત માસ્ક પહેરે અને સામાજિક અંતર રાખવાનું સુચારું પાલન કરે તે ખૂબ જરૂરી છે, તેવું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને માણસા અને દહેગામ તાલુકાના ગામના સરપંચ અને તલાટીશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાના તમામ ગામના સરપંચશ્રીઓ અને તલાટીશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વાત કરી રહ્યાં છે. આ બેઠક થકી તેઓ દરેક ગામની વાસ્તવિક કોરોનાની મહામારી અને અન્ય બાબતોની બારીકાઈથી માહિતી મેળવી રહ્યાં છે.

આજે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ માણસા અને દહેગામ તાલુકાના તમામ ગામના સરપંચશ્રીઓ અને તલાટી સાથે વાત કરી હતી. તેમણે કોરોના વાયરસનું સંક્રમણ ઘટાડવા માટે કરવામાં આવેલી કામગીરી અંગેની માહિતી મેળવી હતી. તેમજ ગામમાં કોઈ કોરોનાનો કેસ છે કે નહી તેની પણ જાણકારી મેળવી હતી. તેમજ ગામમાં માસ્ક લોકો ફરિજયાત પહેરે અને સામાજિક અંતર રાખવાનું ન ચુકે તેની ખાસ તકેદારી રાખવા ગામના સરપંચશ્રીઓ અને તલાટીશ્રીઓને જણાવ્યું હતું.

તેમણે સરપંચશ્રીઓ અને તલાટીશ્રીઓને મહેસુલી વસૂલાતને એક ઝુંબેશ રૂપે શરૂ કરવા જણાવ્યું હતું. તેમજ ચોમાસાની ઋતુ દરમ્યાન અચાનક ભારે વરસાદ આવે તો ગામમાં શું શું તકેદારી રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સુરક્ષિત સ્થળ તરીકે કયાં સ્થળને પસંદ કરવામાં આવ્યું છે, જેવી અનેક બાબતોની જાણકારી ગામના સરપંચશ્રીઓ અને તલાટી પાસેથી મેળવી હતી. તેની સાથે મનરેગા અંતર્ગત ગામમાં શું કામગીરી કરવામાં આવી છે. ગામમાં થયેલા વિકાસ કામો અને વનીકરણ સંલગ્ન થયેલા કામોની પણ માહિતી મેળવી હતી.

### કચ્છ ખાતે ૩.૨ની તીવ્રતાનો ધરતીકંપનો હળવો આંચકો

ભૂજ, તા. ૨૪

કોરોનાની મહામારી વચ્ચે વધુ કુદરતી આફત માનવ માથે મંડરાઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાત કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ત્યારે આજે બપોરે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ રાપરથી ૨૩ કિલોમીટર દૂર હોવાનું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૪ અને ૧૫ જૂનને રવિવારે રાત્રે ૮.૧૩ કલાકે ૫.૩નો ભૂકંપ આવ્યા બાદ સતત ગુજરાતમાં આફ્ટરશોક અનુભવાઈ રહ્યા છે. ૧૫ જૂનને રવિવારે બપોરે ૧૨:૩૦થી ૧ વાગ્યા સુધીમાં ગાળામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાં પણ પાંચ મિનિટના અંતરે બે મોટા આંચકા અનુભાવાયા હતા. ૪.૬ રિકટર સ્કેલનો ૧૨.૫૭ તથા ૩.૬નો ૧.૦૧ કલાકે આવ્યો હતો. જેમાં તમામનું કેન્દ્રબિંદુ ભચાઉની આસપાસ રહ્યું હતું. ભૂંકપ આવતા ભુજમાં લોકો ઘર બહાર દોડી ગયા હતા. તો ભચાઉ આસપાસ ગ્રામીણ વિસ્તારોમાં મકાનોને તિરાડો પડયા હોવાનું જાણવા મળ્યું છે.

## પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાનો ચારેય તાલુકામાં વિરોધ કરાયો : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૪

ચીનને લાલ આંખ બતાવવાની વાત કરી, અચ્છે ભાવ વધારાના કારણે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને મરણતોલ આર્થિક ફટકો પડ્યો છે. સુરેશભાઈ પટેલની આગેવાનીમાં ધરણાં-વિરોધ પ્રદર્શન યોજાયા હતા. જેમાં પૂર્વધારાસભ્ય નરેશ ઠાકોર તથા પ્રકાશ વાણિયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. દહેગામ ખાતેનો ધરણાં-





દિનના સપના દેખાડી પ્રજાને ગેરમાર્ગે દોરી ભારતની ગાદી સર કરી તે દિનથી સમગ્ર ભારતના લોકોને એક પછી એક મુશ્કેલીઓમાં મુકનારી ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે સમગ્ર દેશ કોરોના જેવી વૈશ્વિક મારીથી પિડાઈ રહ્યો છે, ત્યારે આયોજન વગરના લોકડાઉનના કારણે દેશના ગરીબ અને મધ્યમ વર્ગની આજીવીકાનું સાધન પણ ઝૂંટવાઈ ગયું છે. ત્યારે કેન્દ્રની ભાજપા સરકારે છેલ્લા સત્તર દિવસથી પેટ્રોલ-ડિઝલના અસહ્ય

આ પ્રજાવિરોધી પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાને પાછો ખેચવા માટે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાના આદેશથી સમગ્ર ગુજરાતનાં તાલુકા મથકો ખાતે ધરણાં-પ્રદર્શન યોજાયા હતા. જેના ભાગરૂપે આજે તા. ૨૪-૬-૨૦૨૦, બુધવારે, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લાના ચાર તાલુકા મથકો કલોલ, દહેગામ, માણસા, ગાંધીનગર ખાતે ધરણાં-વિરોધ પ્રદર્શન યોજાયા હતા. જેમાં માણસા ખાતે ધારાસભ્ય

બાબુસિંહ ઠાકોર, તા.કો.પ્રમુખ ગિરવતસિંહ ચાવડા, ભાવિનસિંહ ઠાકોર, સુરેશ ચૌધરી તથા પિયુષ પંચાલ હાજર રહ્યા હતા. કલોલ ખાતે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ પરમાર, ધનજીભાઈ પરમાર તથા રવિ રૂપાણી હાજર રહ્યા હતા. ગાંધીનગર ખાતે તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રવિણસિંહ ઠાકોરની આગેવાનીમાં ધરણાં-વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

જેમાં સુહાગ પંચાલ, બેચરજી ઠાકોર, કાળુસિંહ ડાભી, વિરોધનો કાર્યક્રમ પૂર્વધારાસભ્ય કામિનીબા રાઠોડની આગેવાનીમાં યોજાયો હતો.

સદર કાર્યક્રમમાં શહેર પ્રમુખ ભૂપેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ જગતસિંહ, જી.પં. ચેરમેન જગતસિંહ ઝાલા, મંગળસિંહ સોલંકી, મનહરસિંહ ઝાલા તથા પ્રફુલ્લભાઈ શાહ સહિતના કાર્યકરો-આગેવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યુ છે.



## ધાનેરા નગરપાલિકા

### ઓનલાઈન ટેન્ડર

### જાહેર નિવિદા-૨૦૨૦ (બીજો પ્રયત્ન)

નગરપાલિકા ધાનેરા પાણી-પુરવઠા શાખાના બોર રીપેરીંગ અંગેની કામગીરી માટે બોરની રીપેરીંગ કામગીરી કરતા માન્ય ઈજારદારશ્રીઓ પાસેતી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨૨/૬/૨૦૨૦ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૨૨/૬/૨૦૨૦થી તા. ૨૯/૬/૨૦૨૦ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૨૯/૬/૨૦૨૦ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૩૦/૬/૨૦૨૦ |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા. ૧/૭/૨૦૨૦ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

સહી/-

એસ. એમ. અન્સારી, મુખ્ય અધિકારી, નગરપાલિકા ધાનેરા
ઉગમબેન એમ. રાજપુત, ચેરમેન, પાણી-પુરવઠા સમિતિ
વસંતીબેન વી. ગલચર, ઉપપ્રમુખ, નગરપાલિકા ધાનેરા
યુસુફખાન એમ. બેલીમ, પ્રમુખ, નગરપાલિકા ધાનેરા